# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્રઃ-</u>

**વિષયઃ- શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧-૨૨નાં ત્રીજા તથા પાંચમા સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તેમજ વિધાર્થી ભાઇઓ-બહેનોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કોલેજ ટ્રાન્સફર બાબતે માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર યુ.જી.સેમેસ્ટર-૩,૫ તથા પી.જી.સેમેસ્ટર-૩માં કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ **તા.૧૮/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે. તેમજ કોલેજ દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે અરજી કરવાની રહેશે.** જે કોલેજમાં જગ્યાઓ ખાલી હોય તેમણે ઇન્ટેકની મર્યાદામાં પ્રવેશ આપવાનો રહેશે. કોલેજ છોડી અન્ય કોલેજમાં જવા માંગતા વિદ્યાર્થીઓને આચાર્યશ્રીએ સહકાર આપી ટ્રાન્સફરની મંજુરી આપવાની રહેશે. અન્યથા યુનિવર્સિટી દ્વારા કોલેજ ઉપર શિક્ષાત્મક પગલા લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ સાથે ટ્રાન્સફર સર્ટીફીકેટ (T.C.) અને અગાઉની દરેક માર્કશીટની નકલ (ALL PREVIOUS EXAM MARKSHEETS) જોડવાની રહેશે. સ્ટુડન્ટ ટ્રાન્સફર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ **www.bknmu.edu.in** ઉપર મુકવામાં આવેલ છે.

<u>ખાસ નોંધઃ-</u>

(૧) સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ થી ૪ માં અનઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩,૫ માં પ્રવેશ આપી શકાશે. જેની તમામ કોલેજ/સંસ્થા તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

(૨) અનુસ્નાતક અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૩માં પ્રવેશ માટે સેમેસ્ટર-૨ની પ્રાયોગિક પરીક્ષા બાકી હોય તેમની પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયા બાદ ટ્રાન્સફર માટેની કાર્યવાહી કરી શકાશે.

(૩) આ પરિપત્ર દરેક કોલેજે પોતાના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓનાં ધ્યાનમાં આવે તે રીતે મુકવાનો રહેશે.

(૪) કોલેજ ટ્રાન્સફર માટે કોલેજે વિદ્યાર્થીઓ પાસેથી કોઇપણ પ્રકારની 'ફી' વસુલવાની રહેશે નહી.

(૫) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં કોલેજ ટ્રાન્સફર કરવા ઇચ્છુક વિદ્યાર્થીએ N.O.C. (નો-ઓબ્જેકશન સર્ટીફિકેટ) મેળવવાનું રહેશે નહી. કોલેજ દ્વારા તેની માંગણી કરવી નહી.

**નોંધઃ-(૧) કોલેજમાં સંબંધિત વિષય ચલાવવામાં આવતા હોય તો જ ટ્રાન્સફર અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે.**

**(૨) સદરહું ટ્રાન્સફર અંગેની અરજી વિદ્યાર્થીઓ સાથે મોકલવી નહી અને કોલેજ દ્વારા જ પોતાના લેટરપેડ ઉપર સંપૂર્ણ વિગત સાથે જ મોકલવાની રહેશે.**

**(૩) દરેક કોલેજ/સંસ્થાએ જે તે વર્ષની ઇન્ટેક કેપેસીટીની મર્યાદામાં સરકારશ્રીનાં ધારાધોરણ/નિયમોને આધીન ટ્રાન્સફર વિદ્યાર્થીઓને સ્વીકારવા. ઇન્ટેક કેપેસીટીથી વધુ ટ્રાન્સફર માન્ય રહેશે નહી. જેની અંગત જવાબદારી જે તે કોલેજ/સંસ્થાનાં વડાની રહેશે જેની નોંધ લેવી.**

**(૪) કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં જે તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે. તેમજ કોલેજ દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૧ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે ફાઇલિંગ કરીને અરજી મોકલી આપવાની રહેશે. તા.૦૫/૦૭/૨૦૨૧ પછી આવેલ અરજીઓ સ્વિકારવામાં આવશે નહી.જેની ખાસ નોંધ લેવી.**

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૬૬/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૭/૦૬/૨૦૨૧

**પ્રતિ,**
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ/પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તરફ...

**<u>નકલ રવાનાઃ-</u>**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.